– : : સમરી નં.૯૩/૨૦૨૨, જૂનાગઢ, જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન ગુ. ર. નં.II ૧૩૧૮/૨૦૨૧ હેઠળ હુકમ : : –

હાલનો કેસ આજરોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં મુકવામાં આવેલ છે, જેમાં પી. જી. વી. સી. એલ. ના અધિકારીશ્રીઓ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેસ નિકળતા આરોપીનો પ્રથમ ગુનો છે અને તેઓએ આરોપી સામે નોંધાયેલ ફરિયાદ મુજબની બીલ વગેરેની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, તે અંગે પુરશીસ રજુ છે, આ સમરી કેસ ફરિયાદ પક્ષે માંડવાળ કરવા વાંધો નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– : : હુ ક મ : : –

જૂનાગઢ, જી. યુ. વી. એન. એલ. ધ્વારા ગ્રાહક / બિન ગ્રાહક ઉપર વિજચોરી સબંધે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરિયાદ નોંધવામાં આવેલી. આ કાયદાની કલમ ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વિજચોરીની રકમ ભરવા તૈયાર હોય તો, આ કાયદાની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે. જૂનાગઢ, જી. યુ. વી. એન. એલ. આરોપી સામે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ ૧૩૫ – એ હેઠળ વિજચોરી અંગેની એફ. આઈ. આર. નં.II ૧૩૧૮/૨૦૨૧થી જૂનાગઢ, જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન ખાતે નોંધાવેલી છે. તપાસ કરનાર અમલદારના ક્રિ. પ્રો. કોડની કલમ ૧૭૩ના આખરી અહેવાલ મુજબ વિજ ચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુનો છે. સબબ ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ ૧૫૨ હેઠળ તહોમતદાર સામેની કાર્યવાહી આગળ ચલાવવી જરૂરી નથી અને આ કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરિયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય, હાલનો કેસ કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ન હોય, માંડવાળ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ અગીયારમી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

તા.૧૧ / ૦૨ / ૨૦૨૩.

( મિલન ગિરીશચંદ્ર દવે )
સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી),
કેશોદ.
જીજે૦૦૫૨૨.